<u>નવી બાબત વર્ષ ૨૦૨૬-૨૭</u>

નિયામક, સમાજ સુરક્ષા કચેરી ખાતે ચીફ ઓફીસર, વર્ગ-૩ની ૦૧ તથા સીનીયર ક્લાર્ક, વર્ગ-૩ની ૦૧ નવી જગ્યા ઉભી કરવા અંગે વહીવટી મંજૂરી બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2025/2467/CHH Section
સચિવાલય, ગાંધીનગર
તા: *e-sign* મુજબ

<u>વંચાણે લીધા</u>:-

(૧) નાણા વિભાગનો તા.૨૫/૦૨/૨૦૨૬નો પરિપત્ર ક્રમાંક:FD/EXP/e-file/4/2026/0429/z1(economy)

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીનો તા.૦૭/૦૩/૨૦૨૬નો પત્ર ક્રમાંક: DSD/NIT/e-file/226/2025/0848/Planning Branch

<u>આમુખ</u>:

નિયામક, સમાજ સુરક્ષાની વડી કચેરી ખાતે ચીફ ઓફીસર, વર્ગ-૦૩ની ૦૧ જગ્યા તથા સીનીયર ક્લાર્કની ૦૧ નવી જગ્યા મંજૂર કરવા માટે રૂ.૦.૦૨ કરોડની નવી બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ હોઇ, ઉક્ત નવી બાબતના ખર્ચ માટે વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. ઉક્ત દરખાસ્ત પરત્વે સદરહુ નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

પુખ્ત વિચારણાના અંતે નિયામક, સમાજ સુરક્ષાની વડી કચેરી ખાતે નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની નિયમિત પગારધોરણની જગ્યા ઉભી કરવા માટે વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં અમાવિષ્ટ રૂ.૦.૦૨ કરોડની નવી બાબતને નિર્દિષ્ટ શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| જગ્યાનું નામ | જગ્યાઓને પ્રકાર | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ચીફ ઓફીસર, વર્ગ-૩ | નિયમિત જગ્યા | ૦૧ |
| સીનીયર ક્લાર્ક, વર્ગ-૩ | નિયમિત જગ્યા | ૦૧ |

**<u>શરતો</u>**:

1. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
2. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજૂરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સામાન્ય વહીવટ વિભાગ/નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજૂરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.
3. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

4. આ જગ્યાઓ પર નિમણૂક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
5. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
6. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

(૧) પગાર અને નવી વર્ધીત પેન્શન યોજના

1. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.
2. વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
3. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦(પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૨) જગ્યાઓની મુદત અને સેવાઓ અંગે

1. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાના બે માસ અગાઉ દરખાસ્ત વિભાગને કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
2. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે.

(3) નાણાકિય ઔચિત્ય

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે
7. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

<u>આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે આકરવાનો રહેશે.</u>

| | | |
|---|---|---|
| માંગણી નંબર | ૯૨ | |
| મુખ્ય સદર | ૨૨૩૫ | સામાજિક સુરક્ષા અને કલ્યાણ |

| | | |
|---|---|---|
| પેટા મુખ્ય સદર | ૦૨ | સમાજ કલ્યાણ |
| ગૌણ સદર | ૦૦૧ | નિર્દેશ અને વહિવટ |
| પેટા સદર | ૦૧-SSW-૦૦૧ | નિર્દેશ અને વહિવટ |

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાકીય સલાહકારશ્રી(સા.ન્યા.) તથા વિભાગના વડાની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જીગર પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. )ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ...
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬

Signature Not Verified
Signed by:Jigar Patel
Section Officer
Date:2026.04.30
10:59:10 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign